**છોટાઉદેપુર જિલ્લામાં 200 કરોડ ડામર રસ્તા ની કામગીરી બંધ થઈ જાય તેવી સ્થિતિ**

## છોટાઉદેપુર જિલ્લામાં 200 કરોડના ડામર રસ્તાની કામગીરી બંધ થઈ જાય તેવી સ્થિતિ

**ડામરની** માંગ સામે રિફાઇનરીમાંથી ડામરનો જથ્થો કોન્ટ્રાક્ટરોને પૂરતો આપવામાં આવતો નથી



(પ્રતિનિધિ) નસવાડી, તા.29 છોટાઉદેપુર જિલ્લામાં નસવાડી બોડેલી સંખેડા કવાંટ પાવીજેતપુર છોટાઉદેપુર કદવાલ સાત તાલુકા આવેલા છે અને 10 જેટલી એજન્સીઓ અલગ અલગ વિસ્તારો માં ડામર રસ્તા ની કામગીરી કરી રહી છે સ્ટેટ આર એન્ડ બી વિભાગ અને છોટાઉદેપુર જિલ્લા પંચાયત માર્ગ મકાન વિભાગ ના 200 કરોડ થી વધુના ડામર રસ્તા ના કામો હાલ ચાલી રહ્યા છે જેમાં ડામર મોંઘો થયો છે જ્યારે ડામર માં વપરાતું એલ.ડી.ઓ (લાઈટ ડીઝલ ઓઈલ) કેમિકલ નો પહેલા 53 રૂપિયા લિટર ના હતા જેના હવે 63 રૂપિયા લિટર ના થઈ ગયા છે જ્યારે 10 રૂપિયા નો ભાવ માં વધારો થયો છે જ્યારે હજુ પણ કપની ભાવ માં વધારો કરવાના મૂળ માં છે

જ્યારે ડામર રસ્તા બનાવવા માટે કોન્ટ્રાક્ટરો એ રસ્તા બનાવવાના વર્ક ઓર્ડર લીધા હતા ત્યારે એસ્ટિમેન્ટ માં ડામર ના ભાવ ઓછા હતા યુધ્ધ ની પરિસ્થિતિ માં હાલ માલ ની અછત ઉભી થતા ડામર રસ્તા બનાવવા માટે પૂરતું મટીરિયલ મળી રહ્યું નથી અને ડામર ના કોન્ટ્રાક્ટરો ની સ્થિતિ દિવસે દીવસે ભાવ વધારા ને લઈને બગડી ગયી છે જ્યારે આગામી દિવસો માં કોન્ટ્રાક્ટર હજુ ડામર ના ભાવ વધે તો કામગીરી બંધ કરી દેશે અને હજારો મજૂરો બેકાર બનશે. હાલ તો છોટાઉદેપુર જિલ્લામાં હોળી ના એક મહિના પછી કામો શરૂ થયા હતા જેમાં ભાવ વધારા ને લઈને કોન્ટ્રાક્ટરો ની માંથી દશા બેઠી છે જ્યારે આવી સ્થિતિ આગળ વધે તો કોન્ટ્રાક્ટરો ને કામગીરી બંધ કરવી પડશે અને સમય મર્યાદા માં કોન્ટ્રાક્ટર કામ પૂરા ના કરે તો તેઓને દંડ પણ થાય તેવી સ્થિતિ છે હાલ તો છોટાઉદેપુર જિલ્લામાં ડામર રસ્તો બનાવતા કોન્ટ્રાક્ટરો ને તાળા વાગી જાય તેવી નોબત જ્યારે ડામર રસ્તાની કામગીરી બંધ થાય તો કપચી બનાવતા કારખાના ઓને પણ નુકશાન થાય અને કપચી બનાવતા કારખાનાને પણ તાળા વાગી જાય તેવી સ્થિતિનુ નિર્માણ થશે કારણ કે કપચી , મેટલ અને દસ્ત ડામર બનાવવામાં ઉપયોગમાં આવે છે જેની સરકારને રોયલ્ટીની આવક પણ મોટા પ્રમાણમાં થાય છે જેમાં નુકસાન થશે.

**આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના કામોની ડિજિટલ મોનીટરીંગ**

## “ઓરસંગ આદિ વિકાસ ધારા પોર્ટલ” પ્રભારી મંત્રીના હસ્તે ખુલ્લું મૂકાયું



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.29 છોટાઉદેપુર જિલ્લાના પ્રભારી મંત્રી અને મહિલા અને બાળ કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રાજ્યમંત્રી ડૉ. મનિષાબેન વકીલના હસ્તે પ્રાયોજના વહીવટદારની કચેરી છોટાઉદેપુર દ્વારા વિકસાવેલ “ઓરસંગ આદિ વિકાસ ધારા પોર્ટલ”નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. “ઓરસંગ આદિ વિકાસધારા પોર્ટલ” આદિજાતિ વિસ્તાર પેટા યોજના (TASP) હેઠળ ગુજરાત સરકારના આદિવાસી વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લામાં થતા વિવિધ વિકાસના કામોમાં પારદર્શકતા લાવવા અને ચોક્કસ મોનીટરીંગના હેતુથી વિકસાવ્યું છે. આ વેબ પોર્ટલ “સશક્ત આદિજાતિ, સમૃદ્ધ છોટાઉદેપુર” ના થીમ પાર આધારિત છે. પોર્ટલમાં પ્રાયોજના વહીવટદાર કચેરી, અમલીકરણ કચેરીઓ, સંસદસભ્ય, ધારાસભ્ય તેમજ અન્ય પદાધિકારીઓ અને સામાન્ય જનતા માટે અલગ અલગ ડેશબોર્ડ્સ ઉપલબ્ધ થશે. તેમાં આદિવાસી વિકાસ વિભાગની ન્યુ ગુજરાત પેટર્ન યોજના, બોર્ડર વિલેજ યોજના, ન્યુક્લિયસ બજેટ યોજના જેવી યોજનાઓ હેઠળની કામગીરીની રીઅલ ટાઈમ પ્રગતિ દર્શાવવામાં આવશે. “ઓરસંગ આદિ વિકાસધારા પોર્ટલ” દરેક વર્ષે થતા વિવિધ યોજનાઓના આયોજનમાં પારદર્શકતા અને અસરકારકતા લાવશે. મંજુર થયેલ કામોના પહેલાં અને પછીના GPSફોટા અપલોડ કરવામાં આવશે, જેથી કામની ડુપ્લિકેશન ઘટશે. કામ પૂર્ણતા પ્રમાણ પત્ર (CC) અને ગ્રાન્ટ વપરાશ પ્રમાણ પત્ર (UTC) પણ આ વેબ પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે. વધુમાં, અમલીકરણ કચેરીઓ અને પ્રાયોજના વહીવટદાર કચેરી માટે રિવ્યુ મીટિંગ મોડ્યુલ પણ ઉપલબ્ધ થશે, જેમાં અગાઉની રિવ્યુ મીટિંગમાં નક્કી કરેલા લક્ષ્યોની લક્ષ્યાંકોની સમીક્ષા કરવામાં આવશે.

**રાજ્ય કક્ષાના કૃષિમંત્રી રમેશભાઈ કટારા દ્વારા માનવતાનું ઉત્તમ**

## ફતેપુરા તાલુકાના કરોડિયા પૂર્વ ગામના ત્રણ ઈજાગ્રસ્તોને દવાખાને પહોંચાડ્યા



(પ્રતિનિધિ) સુખસર,તા.29 ફતેપુરા તાલુકાના કરોડિયા પૂર્વ ગામના ત્રણ વ્યક્તિઓ એક યુવક, એક છોકરી તથા એક મહિલા સબંધીને ત્યાં મોટર સાયકલ ઉપર હિંદોલીયા ગામ તરફ જઈ રહ્યા હતા. ત્યારે સુખસર તાલુકાના રૂપાખેડા ગામ પાસે ફતેપુરા તરફ જતા માર્ગ ઉપર જતા મોટરસાયકલ ચાલકે પોતાના કબજા ની મોટરસાયકલ ઉપરથી કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો.

જેમાં ઈજાગ્રસ્તોમાં કરોડીયા પૂર્વ ગામના ચરપોટ સવિતાબેન સુરસિંગભાઈ(ઉંમર વર્ષ 42) તથા બારીયા સંદીપભાઈ અરવિંદભાઈ(ઉંમર વર્ષ 25) નાઓને ઈજાઓ પહોંચતા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા સુખસર સરકારી દવાખાનામાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યારે એક છોકરીને સામાન્ય ઈજા થઈ હતી.જોકે આ અકસ્માતને જોઈ રાજ્ય કક્ષાના મંત્રી રમેશભાઈ કટારાએ તાત્કાલિક પોતાનો કાફલો થોભાવી માનવતા દર્શાવી હતી.તેમણે તરત જ 108 એમ્બ્યુલન્સ સેવાને જાણ કરી હતી. અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર મળે તે માટે હોસ્પિટલ પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી.એટલું જ નહીં, ઈજાગ્રસ્તોના પરિવારજનોને પણ આ અંગે જાણ કરી એક જવાબદાર જનપ્રતિનિધિ તરીકે પોતાની ફરજ નિભાવી હતી.

મંત્રીની આ તત્પરતા, સંવેદનશીલતા અને સેવાભાવ ખરેખર પ્રશંસનીય છે. આવી માનવતા ભરી કામગીરી સમાજ માટે પ્રેરણારૂપ બની રહેશે.

**જિલ્લા તાલુકા પંચાયત ચૂંટણી માટે સંભવિત ઉમેદવારો પર ચર્ચા**

## સંખેડા કોંગ્રેસે બહાદરપુર એપીએમસી ખાતે બેઠક યોજી

**બેઠકમાં** સંખેડા તાલુકાના કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા

(પ્રતિનિધિ) સંખેડા, તા.29 સંખેડા તાલુકા કોંગ્રેસ દ્વારા બહાદરપુર APMC ખાતે જિલ્લા અને તાલુકા પંચાયતની આગામી ચૂંટણીઓ માટે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સંભવિત ઉમેદવારો અને ચૂંટણીની વ્યૂહરચના અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠક સવારે 12:00 કલાકે યોજાઈ હતી, જેમાં વિવિધ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. કોંગ્રેસના કાર્યકરોએ સંભવિત ઉમેદવારો સાથે આગામી ચૂંટણી માટેની રણનીતિ ઘડવા પર ભાર મૂક્યો હતો.બેઠક દરમિયાન જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી માટેના સંભવિત ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પર પણ વિચાર વિમર્શ થયો હતો. કોંગ્રેસના નેતાઓએ ઉપસ્થિત સંભવિત ઉમેદવારોને ચૂંટણીલક્ષી સૂચનો અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યકરોએ સંભવિત ઉમેદવારોને પક્ષ તરફથી સંપૂર્ણ સમર્થન આપવાની ખાતરી આપી હતી. આ બેઠકમાં સંખેડા તાલુકાના કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ સમગ્ર બેઠકનું આયોજન કોંગ્રેસ પક્ષના તાલુકા અધ્યક્ષ દ્વારા કરવામાં આવ્યું હતું.

**જાંબુઘોડા પોલીસ દ્વારા પેટ્રોલિંગ સઘન બનાવાયું**

## મસાબારથી ડુમા તરફ જતી કારમાંથી વિદેશી દારૂ સહિત દોઢ લાખનો મુદ્દામાલ ઝડપી લીધો



(પ્રતિનિધિ) જાંબુઘોડા, તા.29 પંચમહાલ જિલ્લા માં ચાલતી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓને નેસ્ત નાબૂદ કરવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓની મળેલ સૂચના અને માર્ગદર્શન હેઠળ જાંબુઘોડા પોલીસ કાયદો અને વ્યવસ્થાને ધ્યાનમાં રાખી જાંબુઘોડા તાલુકાના વિવિધ ગામડા ઓ માં નિત્યક્રમ મુજબ પેટ્રોલિંગમાં હતા તે સમયે બાતમી મળેલ કે જાંબુઘોડા તાલુકા ના મસાબાર રોડ ઉપર થી ડુમા ગામ તરફ જવાના રોડ ઉપર સ્વિફ્ટ કાર જેનો રજીસ્ટર નંબર જી.જે. 06 એલ.બી. 1645 નંબર ની સ્વિફ્ટ કાર માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી પસાર થવાની હોય જે બાતમી ના આધારે જાંબુઘોડા પોલીસ પોતાના સ્ટાફના માણસોને સાથે રાખી મસાબાર થી ડુમા ગામ તરફ જવાના રોડ ઉપર વોચ ગોઠવી હતી અને બાતમી ના વર્ણન વાળી ગાડી આવતા તેને રોકવા નો ઈસારો કરતા શિફ્ટ કારનો ચાલક પોલીસ ને જોઈ અંધારાનો લાભ લઇ નાસી છૂટ્યો હતો.

જ્યારે પોલીસ દ્વારા ગાડી માં તપાસ કરતાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ 18432 મળી આવ્યો હતો અને વિફ્ટ કાર 1.5 લાખ આમ જાંબુઘોડા પોલીસે 1,68,432 ના મુદ્દા પકડી પાડી પ્રોહીબિશન એક્ટ મુજબ નો ગુનો દાખલ કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

**શિનોર પોલીસ સ્ટેશનના આઠ કર્મચારીની એકાએક બદલી**

## તાબડતોબ બદલીની સામે નવા સાત પોલીસ કર્મીની નિમણૂક

(પ્રતિનિધિ) શિનોર, તા.29 જિલ્લા પોલીસ અધિક્ષક વડોદરા ગ્રામ્ય સુશીલ અગ્રવાલ દ્વારા ચૂંટણી આચારસંહિતા પહેલા તારીખ 26 માર્ચ 2026 ના રોજ શિનોર પોલીસ સ્ટેશનના કુલ આઠ કર્મચારીઓ અશ્વિન સિંહ, દિલીપભાઈ, તારાબેન, માધવીબેન વિપુલભાઈ, યશપાલભાઈ ,ઉત્તમભાઈ અને પિયુષભાઈની બદલી જાહેર હિતમાં બદલી કરેલ છે અને તેની સામે કુલ સાત નવા પોલીસ કર્મીની શિનોર પોલીસ સ્ટેશને નિમણૂક કરેલ છે, સાતમાંથી છ ડભોઇ મુકામેથી નિમણૂક પામ્યા છે, જેમાં સમશાદઅલી, સવાભાઈ, હરેશભાઈ, વિશાલભાઈ, મહેશભાઈ તથા રાહુલભાઈ જ્યારે વિજયસિંહ વરણામાથી શિનોર મુકાયા છે. બદલીના ઓર્ડરમાં સ્પષ્ટ લખેલ છે કે બદલી રદ કરવા કે ચાલુ રાખવા કોઈપણ પત્ર વ્યવહાર કરવો નહીં અને બદલીના સ્થળે હાજર થવા તાત્કાલિક છૂટા કરવા.

ચૂંટણી આચાર સંહિતા પહેલા હજુ પણ બદલીનો દોર ચાલુ રહી શકે છે અને ચૂંટણી આચાર સંહિતા જાહેર થાય તો ચૂંટણી દરમિયાન યથાવત પરિસ્થિતિ જાળવી રાખવામાં આવશે. જો કે શિનોર મા હજુ પણ ચાર પાંચ વર્ષથી ફરજ બજાવતા અને શિનોર માથી બદલી થયેલ ગયેલ પોલીસ કર્મી ટૂંક સમય મા ફરી બદલી કરીને પાછા આવેલ હોય તેઓની પણ બદલી થશે તેવી ચર્ચા ઉઠેલ છે શિનોર પોલીસ સ્ટેશનમાં ત્રણ પી.એસ.આઇ. સાધલી,સેગવા અને શિનોર અને એક પી.આઇ. ની જગ્યા ખાલી હોવાથી પોલીસ કર્મીઓની દશા હાલ સેનાપતિ વગરના લશ્કર અને વરરાજા વગરની જાણ જેવી બનેલ છે. આમ સાગમટે બદલીઓથી પોલીસ આલમમાં સન્નાટો છવાઇ ગયો છે.

**પૂછપરછ કે ફરિયાદ માટે હેલ્પલાઇન નંબર ૦૨૬૬૯ ૨૩૩૦૧૨ / ૨૩૩૦૨૧ જાહેર કરાયા"**

## છોટાઉદેપુર જિલ્લામાં આવશ્યક ચીજવસ્તુઓનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ

(પ્રતિનિધિ) બોડેલી, તા.29 છોટાઉદેપુર જિલ્લામાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા તમામ આવશ્યક ચીજવસ્તુઓ જેવી કે પેટ્રોલ ડીઝલ LPG, PNG (પાઈપ્ડ નેચરલ ગેસ) ખાદ્ય અનાજ અને ખાતરનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જનતાને કોઈ મુશ્કેલી ન પડે માટે તમામ ચીજવસ્તુઓની સપ્લાય ચેઈન અને ઉપલબ્ધતાનું સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. વહીવટીતંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમો દ્વારા ફેલાવવામાં આવતી ખોટી અફવાઓ કે ભ્રામક માહિતી (ફેક ન્યૂઝ) પર વિશ્વાસ કરવો નહીં. કોઈપણ પ્રકારની બિનજરૂરી ભીડ કરવી નહીં કે ‘Panic buying’ (ગભરાટમાં આવીને ખરીદી) કરવી નહીં. તમામ આવશ્યક ચીજવસ્તુઓનો પોતાની જરૂરિયાત મુજબ વિવેકપૂર્ણ ઉપયોગ કરવા વિનંતી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવે છે કે જો કોઈ વેપારી કે એકમ દ્વારા ચીજવસ્તુઓની સંગ્રહખોરી, કાળાબજારી કરવામાં આવશે અથવા નિયત ભાવ કરતા વધુ કિંમત વસૂલવામાં આવશે તો તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આ બાબતે કોઈ પણ ફરિયાદ અથવા માહિતી માટે જિલ્લા કક્ષાએ કાર્યરત કંટ્રોલ રૂમ નંબરે ૦૨૬૬૯ ૨૩૩૦૧૨, ૦૨૬૬૯ ૨૩૩૦૨૧ પર સંપર્ક કરી શકાશે

## કાલોલ નગરના ચર્ચ ખાતે પામ સન્ડેની ઉજવણી અંતર્ગત રેલી અને પ્રાર્થના સાથે ખજુરી રવિવાર મનાવાયો



**કાલોલ :** કાલોલ શહેર સ્થિત પનુએલ મેથોડિસ્ટ ચર્ચમાં ખજુરી રવિવાર (પામ સન્ડે) પરંપરાગત રીતે ઊજવાયો હતો જ્યાં સવારે વિશેષ પ્રાર્થનાસભા યોજાઈ, જેમાં વિશ્વાસીઓએ ખજુરીના પાન લઈ “જય જય હોસાના”ના જયગાન સાથે પ્રભુ ઈસુનું સ્વાગત કર્યું હતું ત્યારબાદ શિવશક્તિ સોસાયટી અને વૈભવ લક્ષ્મી સોસાયટીમાં રેલી કાઢવામાં આવી હતી અને બાળકો, યુવાનો અને વડીલો હાથમાં ખજુરીના પાન અને બેનરો સાથે જોડાયા હતા અને સમગ્ર વિસ્તાર ભક્તિસભર વાતાવરણમાં ગૂંજી ઊઠ્યો હતો જ્યાં રેવ. સુરેશ સાહેબે પામ સન્ડેનું મહત્વ સમજાવતા કહ્યું કે તે પ્રભુના શાંતિ અને નમ્રતા ભર્યા પ્રવેશની યાદ અપાવે છે. ડી.એલ. પિયુષ પરમાર અને મંડળીના સર્વ ભાઈ-બહેનોએ રેલીમાં સક્રિય ભાગ લઈ પ્રાર્થના અને ગીતો દ્વારા પ્રભુનું મહિમા ગાન કર્યું હતું. કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો અને સૌએ પ્રેમ-એકતા સાથે પવિત્ર અઠવાડિયાની શરૂઆત કરી હતી

**શિનોર ગામના કાછોટ વગાની સીમમા દીપડો ત્રાટક્યો**

## ખેતરની સીમમાં ઝાડ સાથે બાંધેલી વાછરડીને ફાડી ખાતા ગામલોકોમાં ફફડાટ વ્યાપ્યો



(પ્રતિનિધિ) શિનોર, તા.29 શિનોર ગામના કાછોટ વગાની સીમમા આવેલ ખેતરના આંબા ના ઝાડ સાથે બાંધેલી ગાયની વાછરડીને ગત રાત્રીના દીપડાએ પાછળ ના ભાગે ફાડી નાખીને તેનું મારણ કરતા આસપાસના મજૂરો અને ખેડૂતોમાં ફફળાટ વ્યાપેલ છે. ખેડૂત દ્વારા વન વિભાગના અધિકારીને આ ઘટનાની જાણ કરેલ છે. વનવિભાગ દીપડાને પાંજરે પુરે તેવી ખેડૂતો અને મજૂરોમાં માંગ ઉઠેલ છે.

શિનોર ની કાછોટ વગા ની સીમમાં ઈસુબભાઇ ઐયુબભાઇ પઠાણ ની ખેતી ની જમીન અને ઓરડી આવેલ છે. શિનોર ની સીમમાં ખેતર માં અવાર નવાર દીપડો ફરતો હોય તેઓ પશુ ઓને નજીક માં બાધી રાખે છે. ગત રાતના તેઓ એ ખેતરમાં આવેલ આંબા ના ઝાડ સાથે વાછરડી બાધી સૂઈ ગયા હતા. વહેલી સવારે ઉઠી ને જોતા સેઢાં પર બાંધેલી ગાયની વાછરડી નીચે પડેલી હતી. ત્યાં નજીક જઈને જોતા વાછરડીને પાછળ ના ભાગે ઈજાઓ જોતાં લોહી પણ નીકળતું હોય કોઈ વન્ય હિંસક પ્રાણીએ મળસ્કે જ તેને ફાડી નાખી તેનું મારણ કરાયાનું અનુમાન કર્યું હતું. આ વિસ્તારમાં દીપડો ફરતો હોવાનું મજૂરોને ખબર હોય આજુ બાજુ જમીન પર મજૂરોએ જોતાં દીપડા ના મોટા પગના પંજાના નિશાન જોવા મળતા વાછરડીનું મારણ આ હિંસક પ્રાણીએ કર્યું હોવાનું માલુમ પડેલ છે. વાછરડી નું મારણ દીપડાએ કર્યું હોય તેની જાણ વન વિભાગ ના અધિકારી ને જાણ પણ કરેલ છે. વન વિભાગના અધિકારીઓ દ્વારા દીપડા ને પાજરે પુરાય તેવી માંગ ઉઠેલ છે. જ્યારે આ કાછોટ વગાની સિમ પાસે રેહણાંન વિસ્તાર ટીમ્બાફળીયાઆવેલ હોય ત્યાના રેહવાશીઓમાં પણ ફાફડાટ વ્યાપેલા છે.

જ્યારે દીપડો નદી કિનારા ની શેર કરતો હોય નદીએ નહાવા તથા કપડાં ધોવા જતી ગૃહિણીઓમાં પણ ફફડાટ વ્યાપેલ છે. જગત ના તાત ખેડૂત નો માલ ખુલ્લા માં રહેતો હોય કોઈ વાર વધુ વરસાદ કે પાણી ની અછત કે ભૂંડ, રોઝ અને અન્ય પશુઓ દ્વારા ખેતી પાકો ને નુકશાન સાથે સાથે દીપાડા જેવા હિસક પ્રાણીઓ તેમના પશુઓને પણ નિશાન બનાવતા હોય છે. જ્યારે આવા પ્રાણીઓ ની ધાકે રાત્રે ખેત પાક સાચાવતા ખેડૂતો વિમાસણ માં મુકાયા છે.

## સંખેડા નજીક પીકપ ગાડી પલટી ડ્રાઈવરનો આબાદ બચાવ



(પ્રતિનિધિ) સંખેડા, તા.29 માલપુર તરફથી ભાટપુર તરફ જતી પીકઅપ GJ .06. BY.3309 ગાડી ચાલક ડ્રાઈવર થી અગમ્ય કારણસર સ્ટેરીંગ પરનું કાબુ ગુમાવતા પીકપ ગાડી રોડની બાજુમાં ખાડામાં પલટી ખાધી હતી. આ ઘટના આજે બપોરે બની હતી, જ્યારે પીકઅપ ગાડી માલપુર તરફથી ભાટપુર ગામ તરફ પુસ્તક લઈ જતી હતી. અગમ્ય કારણસર ચાલક ગાડીના સ્ટેરીંગ પરનું કાબુ ગુમાવી બેઠો, જેના કારણે ગાડી ખાડામાં જઈ પડી. ચાલક, ડ્રાઈવરને કોઈ પ્રકારની ઈજા પહોંચી નથી અને તે આબાદ બચાવ થયો હતો.

**પંચમહાલમાં મકાઈની આડમાં વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ**

## સંતરોડ નજીકથી 39 લાખથી વધુના મુદ્દામાલ સાથે રાજસ્થાનનો શખ્સ ઝડપાયો



(પ્રતિનિધિ) ગોધરા, તા.29 પંચમહાલ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચે મોરવા (હડફ) તાલુકાના સંતરોડ ગામ નજીક હાઈવે પર એક ટ્રકમાંથી મકાઈની બોરીઓની આડમાં છુપાવીને લઈ જવાતો ૨૮.૬૯ લાખ રૂપિયાનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ટ્રકચાલક એવા રાજસ્થાનના એક શખ્સની ધરપકડ કરી ટ્રક, દારૂ, મકાઈની બોરીઓ, મોબાઈલ અને રોકડ સહિત કુલ રૂ. ૩૯.૨૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી મોટી કાર્યવાહી કરી છે.

પોલીસને બાતમી મળી હતી કે દાહોદ તરફથી ગોધરા જઈ રહેલી એક ટાટા એલ.પી. ટ્રક (GJ-05-AT-1848) માં મકાઈની બોરીઓ નીચે ભારતીય બનાવટનો વિદેશી દારૂ લઈ જવામાં આવી રહ્યો છે. આ ચોક્કસ માહિતીના આધારે એલસીબીની ટીમે સંતરોડ ગામે આધ્યા હોટલ સામે હાઈવે પર નાકાબંધી કરી હતી. બાતમીવાળી ટ્રક આવતા તેને રોકીને તલાશી લેવામાં આવી હતી. શરૂઆતમાં ટ્રકમાં માત્ર મકાઈની બોરીઓ જ દેખાતી હતી પરંતુ બોરીઓ હટાવીને સઘન તપાસ કરતા નીચે છુપાવેલો વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે ટ્રકમાંથી જુદી જુદી બ્રાન્ડની વ્હિસ્કીના ક્વાર્ટર તેમજ બીયરના ટીન મળીને કુલ ૯,૩૬૦ નંગ જપ્ત કર્યા છે, જેની એકંદર કિંમત રૂ. ૨૮,૬૯,૫૮૪ થાય છે. આ ઉપરાંત ૧૦ લાખ રૂપિયાની ટ્રક, ૫૦ હજારની કિંમતની મકાઈની ૧૦૦ બોરીઓ, મોબાઈલ ફોન અને ૪,૦૦૦ રૂપિયા રોકડા સહિત કુલ ૩૯,૨૮,૫૮૪ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ હેરાફેરી મામલે પોલીસે રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લાના નપાવલી ગામના વતની ઈરફાનખાન સલીમખાનની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.